# Illinois State Board of Education

100 North First Street • Springfield, Illinois 62777-0001
www.isbe.net

**Jesse H. Ruiz**
*Chairman*

**Rod Blagojevich**
*Governor*

**Christopher A. Koch, Ed.D.**
*State Superintendent of Education*

---

23 જુલાઈ, 2008

પ્રિય માતા/પિતા :

સ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ ઑફ એજ્યુકેશન તરીકે ગત સ્કૂલ વર્ષમાં ઇંગ્લિશ લૅંગ્વેજ લર્નિંગ (ELL) એટલે કે અંગ્રજી ભાષા શિક્ષણના વિદ્યાર્થીઓ માટેની વાર્ષિક રાજ્ય આંકણીઓથી સંબંધિત થયેલ ફેરફાર અંગે આપને માહિતગાર કરવું મને અગત્યનું લાગ્યું.

ELLના વિદ્યાર્થીઓએ આ વર્ષે ઇલિનૉઇ મેઝર ઑફ એન્યુઅલ ગ્રોથ ઇન ઇંગ્લિશ (IMAGE) એટલે કે અંગ્રેજીમાં વાર્ષિક પ્રગતિને લગતા ઇલિનૉઇના માપની રાજ્ય આંકણી કરાવવાના બદલે ફેરફારો સાથે ઇલિનૉઇની સામાન્ય રાજ્ય વાર્ષિક આંકણીઓ કરાવી. ગ્રેડ 3 થી 8ના ELL વિદ્યાર્થીઓએ ઇલિનૉઇ સ્ટૅન્ડર્ડ્સ ઍચીવમેન્ટ ટેસ્ટ (ISAT) અને ગ્રેડ 11ના ELL વિદ્યાર્થીઓએ પ્રેરી સ્ટેટ ઍચીવમેન્ટ એગ્ઝામ (PSAE) આપી. ફેડરલ સરકારના નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ અધિનિયમ (NCLB)નું પાલન કરવા માટે ઇલિનોઇને સ્કૂલ વર્ષમાં આ ફેરફાર ઘણા મોડેથી કરવાની ફરજ પડી.

તેના પરિણામે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ્સ અને તેમના શિક્ષકોને આ વસંત ઋતુની આંકણી માટે ELL વિદ્યાર્થીઓને તૈયાર કરવાનો એટલો બધો સમય મળ્યો નહીં. આપ આપની સ્કૂલ અને આપના ડિસ્ટ્રિક્ટનું વર્ષ 2008 માટેનું સ્કૂલ રિપોર્ટ કાર્ડ જોશો ત્યારે આપને ELL વિદ્યાર્થીઓના દેખાવમાં ગત વર્ષોની સરખામણીએ આ વર્ષની વાર્ષિક આંકણી દેખાવનાં પરિણામોમાં તફાવત દેખાશે. ELL વિદ્યાર્થીઓના દેખાવમાં થયેલ કોઈ પણ ઘટાડાને આ વિદ્યાર્થીઓ કે તેઓના શિક્ષકોના પ્રતિબિંબ તરીકે જોવું ન જોઈએ.

ઇલિનૉઇ સ્ટેટ બોર્ડ ઑફ એજ્યુકેશન (ISBE) 30 વર્ષથી પણ વધુ સમયથી દ્વિભાષી શિક્ષણમાં રાષ્ટ્રીય આગેવાન રહ્યું છે અને દ્વિભાષી શિક્ષણ અને અમારા ELL વિદ્યાર્થીઓ પ્રત્યેની અમારી કટિબદ્ધતા હંમેશની જેમ આજે પણ એટલી જ મક્કમ છે. તેઓ શું શીખ્યા છે તે દર્શાવવા **તમામ** વિદ્યાર્થીઓ યોગ્ય આંકણીઓ કરાવે તેની ખાતરી કરવા ISBE કટિબદ્ધ છે. **તમામ** વિદ્યાર્થીઓ માટે યોગ્ય રાજ્ય આંકણીઓ વિકસાવવા અને તેને અમલમાં મૂકવા ISBE સમગ્ર ઇલિનૉઇ અને દેશમાં સંસ્થાઓ સાથે અને કાર્યક્રમોમાં કામ કરવાનું ચાલુ રાખશે.

અમારા ELL વિદ્યાર્થીઓ માટે કયા ફેરફારો શ્રેષ્ઠ નીવડ્યા તે જાણવા અને 2009ના પરીક્ષણ ગાળા માટે કયા સુધારાવધારા અમલમાં મૂકવા જોઈએ તે નક્કી કરવા અમે સમગ્ર રાજ્યમાં શિક્ષકોનું સર્વેક્ષણ કર્યું. રાષ્ટ્રીય નિષ્ણાતો સાથે ચર્ચાવિચારણા કરીને ELL વિદ્યાર્થીઓ માટે ISBE પંચવર્ષીય યોજના ઘડી રહ્યું છે, જેમાં બિનજરૂરી જટિલ ભાષા દૂર કરવા માટે અનુવાદો અને ફેરફારો, તેમજ વધારાની દ્રષ્ટિવિષયક અને ગ્રાફિક સહાયનો સમાવેશ થશે.

વળી આ ફેરબદલના સમયમાંથી પસાર થતાં આપના ધીરજ બદલ અને આપના બાળકના શિક્ષણ પ્રત્યે આપની કટિબદ્ધતા બદલ આપનો આભાર.

આપનો આભાર,



ક્રિસ્ટોફર એ. કોચ, ઈડી.ડી.
(Christopher A. Koch, Ed.D.)
સ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટ ઑફ એજ્યુકેશન